દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૧ માર્ચ, ૨૦૨૬

ઓછી ફી અને ઊંચી શિષ્યવૃતિને કારણે વિદ્યાર્થીઓ તબીબી અભ્યાસ કરવા ઈરાન જાય છે

ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ભારતીય નાગરિકોને ઈરાનમાંથી બહાર કાઢવામાં આવી રહ્યા છે, ત્યારે એક પ્રશ્ન ફરી ચર્ચામાં છે: શા માટે ભારતીય વિદ્યાર્થીઓ તબીબી અભ્યાસ માટે વિદેશ જાય છે? અને કાશ્મીરી વિદ્યાર્થીઓ માટે ઈરાન કેમ ખાસ છે? વિદેશ મંત્રાલયના ભારતીય વિદ્યાર્થીઓના અંદાજિત ડેટા અનુસાર, 2022 માં, લગભગ 2,050 વિદ્યાર્થીઓ ઈરાનમાં નોંધાયા હતા, જે મોટાભાગે તબીબી અભ્યાસ માટે ગયા હતા. તેહરાન યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સ, શાહિદ બેહેશ્તી યુનિવર્સિટી અને ઇસ્લામિક આઝાદ યુનિવર્સિટી જેવી સંસ્થાઓમાં પ્રવેશ મેળવ્યો હતો. આ વિદ્યાર્થીઓમાં નોંધપાત્ર સંખ્યા કાશ્મીરના છે. આ પહેલી વાર નથી જ્યારે કોઈ કટોકટીએ ભારતના વિદેશ જતા તબીબી શિક્ષણના સ્તરને ઉજાગર કર્યું હોય. 2022 માં, રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન, ભારત સરકારે 'ઓપરેશન ગંગા' હેઠળ હજારો તબીબી વિદ્યાર્થીઓને ત્યાંથી બહાર કાઢવા પડ્યા હતા. ભારતમાં મેડિકલ બેઠકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. 2014 માં લગભગ 51,000 MBBS બેઠકો જે 2024 માં 1.18 લાખ થઇ છે છતાં હજારો વિદ્યાર્થીઓ વિદેશમાં મેડિકલ શિક્ષણ મેળવવાનું ચાલુ રાખે છે. આ વલણ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામિનેશન (FMGE) માં બેસતા ઉમેદવારોની વધતી સંખ્યામાં દેખાય છે, જે વિદેશમાં અભ્યાસ કર્યા પછી ભારતમાં આ અંગેની એક પરીક્ષા પાસ કરવી પણ ફરજિયાત છે. 2024 માં લગભગ 79,000 વિદ્યાર્થીઓએ FMGE માં હાજરી આપી હતી, જે 2023 માં 61,616 અને 2022 માં 52,000 જેટલી હતી. દેશમાં MBBS બેઠકોની સંખ્યામાં વધારો થયો છે, છતાં આ ક્ષેત્ર સ્પર્ધાત્મક રહ્યું છે. સરકારી કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ ખૂબ જ સારો રેન્ક મેળવવો પડે છે. 2024 માં 1 લાખથી વધુ MBBS બેઠકો માટે 22.7 લાખથી વધુ ઉમેદવારોએ NEET-UG પરીક્ષા આપી હતી. આમાંથી માત્ર અડધી બેઠકો સરકારી કોલેજોમાં છે. બાકીની ખાનગી સંસ્થાઓમાં છે, જ્યાં ખર્ચ વધારે છે. 50 હજાર રેન્ક મેળવનાર ઉમેદવાર સારી ખાનગી કોલેજમાં પ્રવેશ મેળવી શકે છે, પરંતુ ફી કરોડોમાં પહોંચી શકે છે. દેશમાં કેટલા લોકોને તે પરવડી શકે છે? તે ફક્ત સરળ અર્થશાસ્ત્ર છે જે વિદ્યાર્થીઓને અન્ય દેશોમાં તબીબી શિક્ષણ મેળવવા માટે પ્રેરે છે. તેઓ કેટલાક દેશોમાં દસમા ભાગના ખર્ચે ડિગ્રી મેળવી શકે છે. જ્યારે પરવડે તેવી કિંમત ઘણા ભારતીય વિદ્યાર્થીઓને વિદેશમાં આકર્ષે છે, ત્યારે ઈરાન કાશ્મીર ખીણના લોકો માટે એક અનોખું આકર્ષણ ધરાવે છે. તેમના માટે, પસંદગી ફક્ત અર્થતંત્ર દ્વારા જ નહીં, પરંતુ સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંબંધો પણ અહીં મહત્વનું ફેક્ટર છે. લાંબા સમયથી કાશ્મીરને ઈરાન-એ-સગીર અથવા ઈરાન માઈનોર કહેવામાં આવે છે. કાશ્મીરની ભૂગોળ અને કાશ્મીરની સંસ્કૃતિ ઈરાન જેવી જ છે. જૂના સમયમાં, તેઓ હંમેશા કાશ્મીરને એક રીતે ઈરાનનો ભાગ માનતા હતા. જમ્મુ કાશ્મીરમાં રહેતા એક વાલીએ જણાવ્યું હતું કે, તેમની પુત્રીએ નીટની પરીક્ષા આપી હતી, પરંતુ તેમાં સફળ ન થઈ શકી. ત્યાર પછી તેમણે તેને ઈરાન મોકલવાનો નિર્ણય કર્યો, કેમ કે ત્યાં એમબીબીએસનો અભ્યાસ બીજા દેશોની સરખામણીએ ખૂબ સસ્તો છે. ભારતીય વિદ્યાર્થી મેડિકલના અભ્યાસ માટે યુક્રેન જેવા દેશોમાં પણ જાય છે, પરંતુ ત્યાં પરિસ્થિતિ ખરાબ હોવાના લીધે હવે તેઓ ઈરાન તરફ જઈ રહ્યા છે. ઈરાનમાં છ વર્ષના એમબીબીએસની કુલ ફી લગભગ 15થી 30 લાખ રૂપિયા છે, જ્યારે બાંગ્લાદેશમાં આ ફી બે ગણી એટલે કે 60 લાખ રૂપિયા સુધી હોય છે. આ ઉપરાંત ઈરાનમાં શિષ્યવૃત્તિ પણ સારી મળે છે, આ કારણે અહીંના વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં ઈરાન તરફ જઈ રહ્યા છે. વિદેશમાં શિક્ષણ અપાવતી સંસ્થાઓ અનુસાર, બીજા દેશોની સરખામણીએ ઈરાનમાં ખૂબ ઓછી ફી છે. કાશ્મીરનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ઈરાન જવાનું એક મોટું કારણ ઓછી ફીની સાથોસાથ ત્યાંનાં રહેણીકહેણી અને વાતાવરણ પણ છે, જે તેમને પોતાના ઘર જેવો અહેસાસ કરાવે છે. દુનિયાભરના શિયા મુસલમાનો માટે ધાર્મિક શિક્ષણનું એક મુખ્ય કેન્દ્ર હવે ઈરાન બની ચૂક્યું છે. જોકે, ઇરાકના નઝફ અને સીરિયાનાં દમાસ્કસ શહેરમાં પણ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે. પરંતુ, ઇરાકમાં સદ્દામ હુસૈનના શાસનકાળ દરમિયાન ધાર્મિક શિક્ષણનું કેન્દ્ર ધીરે ધીરે ઈરાન તરફ શિફ્ટ થઈ ગયું. અહીંનાં મશહદ અને કુમ શહેરોમાં વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ લેવા માટે આવે છે. ઈરાનમાં જે ભારતીય વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કરવાના હેતુથી જાય છે, તેમના માટે અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે. તેમના અભ્યાસનો સમગ્ર ખર્ચ ઈરાની સરકાર ઉઠાવે છે. કુમ શહેર તહેરાનથી લગભગ 150 કિલોમીટર દૂર આવેલું છે, ધાર્મિક શિક્ષણનું એક મોટું કેન્દ્ર છે. અહીં પાંચથી છ મુખ્ય મદરેસા છે, જેમાં આધુનિક શિક્ષણની સાથે સાથે ધાર્મિક શિક્ષણ પણ આપવામાં આવે છે. ઈરાનના મશહદ અને કુમ, બંને શહેર શિયા મુસલમાનો માટે ધાર્મિક રીતે ખૂબ મહત્ત્વપૂર્ણ મનાય છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે તણાવ હવે ચરમસીમાએ છે. આજે શનિવારે અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના વિવિધ શહેરો પર ભીષણ હવાઈ હુમલા કર્યા છે. ઈરાનની સરકારી સમાચાર સંસ્થા 'IRNA' ના દાવા મુજબ, દક્ષિણ ઈરાનના મિનાબ શહેરમાં આવેલી એક ગર્લ્સ સ્કૂલ હુમલાની ઝપેટમાં આવી ગઈ. જેમાં દાવા મુજબ 36 વિદ્યાર્થિનીઓના મોત થયા છે. સુરક્ષાને ધ્યાને રાખી શાળા અને કોલેજોને બંધ કરવામાં આવી છે, સરકારી કચેરીઓ પણ અડધી ક્ષમતાથી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શાળા પર થયેલા હુમલામાં મોટી સંખ્યામાં નિર્દોષ વિદ્યાર્થિનીઓના મોતે આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા અને ઈઝરાયલની કાર્યવાહી પર સવાલ ઉભા થયા છે. ઇરાનમાં ઉચ્ચશિક્ષણ મેળવવા જનારા ભારતીય વિદ્યાર્થીઓમાં જમ્મુ અને કાશ્મીરના વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ વધુ છે કારણ કે, અહીં કેટલીક યુનિવર્સિટીમાં ધાર્મિક શિક્ષણ લેનાર વિદેશી વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃતિમાંથી તેમનો ત્યાં રહેવાનો અને જમવાનો ખર્ચ નીકળી જાય છે. હવે જ્યારે યુદ્ધ શરુ થયું છે ત્યારે અહીં ભારતના અનેક વિદ્યાર્થી ફસાઇ ગયા છે. થોડા સમય પહેલા જ ભારતે ત્યાં રહેતા ભારતીયો માટે એક માર્ગદર્શિકા બહાર પાડી હતી જેમાં તેમને ઇરાન વહેલી તકે છોડી દેવા જણાવવામાં આવ્યું હતું. પરંતુ અહીં એમબીબીએસની પરીક્ષા શરુ થવાની હોવાના કારણે તેઓ દેશ છોડી શક્યા ન હતા.

મૂર્ખ કોણ

સરસ્વતી નગરીમાં બે યુવક બેકાર હતા. કોઈ કામ ધંધો મળતો ન હતો અને કુસંગમાં પડીને બંને યુવકો ખિસ્સાકાતરુ અને ઠગ બની પૈસા કમાવા લાગ્યા. જ્યાં ઘણાં બધાં લોકો ભેગાં થયાં હોય તેવાં સ્થળે, મંદિર, કથા, મેળા વગેરે સ્થળોએ તેઓ જતાં અને ગિરદીનો લાભ લઈને હાથ સાફ કરી લેતા. કોઈ દુઃખી મુશ્કેલીમાં દેખાય તો તેને મંત્ર તંત્રની વિદ્યાથી સુખી બનાવવાનું આશ્વાસન આપીને ઠગી પણ લેતા. એક દિવસ તેમણે જોયું કે ઘણાં લોકો ભગવાન બુદ્ધના સત્સંગ પ્રવચનમાં જઈ રહ્યાં છે. મોકાનો લાભ ઉઠાવવા બંને ઠગ યુવકો ત્યાં ગયા. તેમણે વિચાર્યું, આજે તો હાથ સાફ કરી ઘણા પૈસા મેળવી લઈશું. પ્રવચન શરૂ થયું. ભગવાન બુદ્ધ પોતાની નિર્મળ વાણીમાં બોલવા લાગ્યા. સાચા જીવનની સમજ આપવા લાગ્યા. બે ઠગ યુવકોમાંથી એક પર ભગવાન બુદ્ધની મધુર વાણીની અદભુત અસર થઈ. ભગવાન બુદ્ધના ઉપદેશથી આકર્ષાઈને તે ઉપદેશ અને સત્સંગમાં રત થઈ ગયો. ચોરી કરવા ખિસ્સા કાપવા આવ્યો છે, તે ભૂલી ગયો અને ચૂપચાપ ઉપદેશ સાંભળતો રહ્યો. બીજી બાજુ બીજા યુવકે ઘણા શ્રોતાઓના ખિસ્સા પર હાથ સાફ કરી લીધો. પ્રવચન પૂરું થયું. પાછા ફરતી

વખતે ખિસ્સા કાતરનાર યુવકે, ઉપદેશમાં ખિસ્સા કાતરવાનું ભૂલી જનાર સાથીને પૂછ્યું, 'તે કેટલા ખિસ્સાં કાપ્યાં અને તને શું મળ્યું? પેલા યુવકે કહ્યું, 'ઉપદેશ ભગવાન બુદ્ધની વાણી સાંભળ્યા બાદ મેં કોઈનું ખિસ્સું કાપ્યું જ નથી.' આવો જવાબ સાંભળી પહેલો ઠગ સાથી વ્યંગમાં બોલ્યો, 'માત્ર એક દિવસ ઉપદેશ સાંભળીને તું તો ચોરમાંથી ધર્માત્મા થઈ ગયો ને... તારા પરિવારને શું આપીશ? ઉપદેશ ખવડાવીશ? સાથીના વ્યંગની પેલા યુવક પર અસર ન થઈ. તે બુદ્ધના સત્સંગના રંગે રંગાઈ ગયો. રોજ ઉપદેશ સાંભળવા જતો. એક દિવસ મોકો મળતાં પ્રવચન બાદ તેણે ભગવાન બુદ્ધ પાસે જઈ પોતે ચોર અને ઠગ હોવાની વાત અને તેમના ઉપદેશ બાદ સુધરી જવાની વાત સ્વીકારીને માફી માંગી અને કહ્યું, 'મારો મિત્ર મને મૂર્ખ કહે છે કે મેં ચોર મિત્રનો સાથ છોડી દીધો. ચોરી છોડી દીધી પણ પરંતુ હવે હું મારા પરિવારના પાલન માટે શું કરું? ભગવાન બુદ્ધે કહ્યું, 'હાથ ઈશ્વરે આપ્યા છે, તેનો ઉપયોગ કરી મજૂરી કર, સાત્વિક ધન કમાઈને, સાત્વિક જીવન જીવ. તું મૂર્ખ નથી. તેં તારા જીવનને સાચે માર્ગે વાળી દીધું છે. મૂર્ખ તો તારો સાથી છે.' યુવક મહેનતનું જીવન જીવવા લાગ્યો. સાથી ચોરી કરતાં પકડાયો અને તેને સજા થઈ.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

ડોનાલ્ડ ટ્રમ્પ કાગળનો વાઘ બની જાય અને પ્રમુખ તરીકેની સત્તાઓ ગુમાવે તેવી પરિસ્થિતિ આકાર લઈ રહી છે

ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતા રેટિંગ્સમાં જાન્યુઆરી ૨૦૨૫થી આજ સુધીમાં ઘરેલુ મોરચે નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જાન્યુઆરી ૨૦૨૫માં, તેમના બીજા કાર્યકાળની શરૂઆતમાં, ટ્રમ્પની અપ્રુવલ રેટિંગ આશરે ૪૫-૫૦% હતી, જે ૨૦૨૪ની ચૂંટણીમાં તેમની જીત પછીના ઉત્સાહને પ્રતિબિંબિત કરતી હતી. પરંતુ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં, તે ઘટીને ૩૬% પર પહોંચી ગઈ હતી. આ ઘટાડો સૂચવે છે કે અમેરિકન જનતાના મોટા ભાગે તેમના કાર્યકાળને નિષ્ફળ માન્યો છે.

આ તીવ્ર ઘટાડાનાં મુખ્ય કારણોમાં આર્થિક મુદ્દાઓ છે. ટ્રમ્પની ટેરિફ પોલિસીએ ભાવવધારા અને સપ્લાય ચેઇનમાં વિક્ષેપ પેદા કર્યા છે, જેનાથી અમેરિકન મધ્યમ વર્ગને અસર થઈ છે. ઇન્ફ્લેશન અને જીવનખર્ચમાં વધારો થતાં, અમેરિકનો ટ્રમ્પને અર્થતંત્ર મોરચે નિષ્ફળ માને છે. વધુમાં, ઇમિગ્રેશન પોલિસીમાં વિવાદાસ્પદ રેઇડ્સ અને મિનેપોલિસમાં શૂટિંગ જેવી ઘટનાઓએ જનતાને વિભાજિત કરી છે. વિદેશ નીતિઓ, જેમ કે વેનેઝુએલા અને ઇરાનમાં હસ્તક્ષેપ, તેમજ યુક્રેનમાં ચાલુ સમસ્યાઓએ પણ નારાજગી વધારી છે. એપ્સ્ટીન ફાઇલ્સ જેવાં વ્યક્તિગત કૌભાંડોએ તેમની વિશ્વસનીયતાને હાનિ પહોંચાડી છે. આ ઉપરાંત, ટ્રમ્પ ખોટી બાબતોને અગ્રતા આપી તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમ કે વિદેશી મુદ્દાઓ અને એલીટ વર્ગ સાથેના સંબંધો, જ્યારે ઘરેલુ સમસ્યાઓ જેમ કે રોજગાર, આરોગ્યસંભાળ અને આવાસને અવગણવામાં આવે છે.

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

જો ટ્રમ્પ કોંગ્રેસમાં બહુમતી ગુમાવે તો તેની અસરો વ્યાપક હશે. આ પરિસ્થિતિમાં, મિડટર્મ ચૂંટણીઓ ૨૦૨૬માં થશે, જેમાં ડેમોક્રેટ્સને સીટ્સ મળવાની અપેક્ષા છે

લોકપ્રિયતામાં આ ઘટાડાનાં પરિણામો ગંભીર છે. આર્થિક અસમાનતા અને મધ્યમ વર્ગની અવગણનાની ભાવનાને કારણે લોકો તેમને 'બિલિયોનેર' તરીકે જોવા લાગ્યા છે, જે તેમની 'એવરીમેન' ઇમેજને હાનિ પહોંચાડે છે. જો ટ્રમ્પ કોંગ્રેસમાં બહુમતી ગુમાવે તો તેની અસરો વ્યાપક હશે. આ પરિસ્થિતિમાં, મિડટર્મ ચૂંટણીઓ ૨૦૨૬માં થશે, જેમાં ડેમોક્રેટ્સને સીટ્સ મળવાની અપેક્ષા છે. કોંગ્રેસમાં બહુમતી ગુમાવવાથી ટ્રમ્પના એજન્ડાને અમલી બનાવવું મુશ્કેલ બનશે; બિલ અટકી જશે અને તપાસો વધશે. આ તેમને નબળા પ્રેસિડન્ટ બનાવી શકે છે, જ્યાં તેમની નીતિઓને ઉલટાવી શકાય અને ઓવરસાઇટ વધારી શકાય. ઇમ્પીચમેન્ટની સંભાવના વધશે જો ડેમોક્રેટ્સ હાઉસને કંટ્રોલ કરે, ખાસ કરીને કૌભાંડો અને નીતિવિવાદોને ધ્યાનમાં રાખીને. આર્થિક અને વિદેશી નીતિઓ પર કાબૂ ગુમાવવાથી તેમના કાર્યકાળના બાકીના સમયમાં અસ્થિરતા વધશે, જે અમેરિકન રાજકારણને વધુ વિભાજીત કરશે.

વધુમાં, રિપબ્લિકન પાર્ટીમાં આંતરિક કલહ વધશે. મિડટર્મ ચૂંટણી મહત્ત્વની બની રહેશે. આની અસર વિદેશી નીતિઓ પર પણ પડશે, કેમકે વૈશ્વિક સ્થિરતાને અસર કરતાં મુદ્દે કોંગ્રેસ ટ્રમ્પના હસ્તક્ષેપને અટકાવી શકે છે. ઘરેલુ મોરચા પર, આરોગ્યસંભાળ અને આર્થિક સુધારાઓ અટકી જશે, જે જનતાનો અસંતોષ વધારશે.

માત્ર એક જ વર્ષમાં એ નિષ્ફળ ગયા છે. આના માટે જો કોઈને દોષ આપવો હોય તો એ માટે બહુ દૂર નજર કરવાની જરૂર નથી. ટ્રમ્પનું ઉછાંછળાપણું, અહંકાર અને મૂલ્યો પ્રત્યેની નિષ્ઠાનો સદંતર અભાવ એમને આજે પતનની ખીણ સુધી દોરી ગયો છે. એમનો ફરી એક વાર ઉદય થયો પણ અનેકગણી ઝડપે ઊંધા માથે તેઓ પછડાઈ રહ્યા છે. એમની લોકપ્રિયતા ઝડપથી ઓસરી રહી છે. આગામી મધ્યસત્ર ચૂંટણીઓમાં રિપબ્લિકન પાર્ટી અમેરિકન કોંગ્રેસમાં બહુમતી ગુમાવે એવાં સ્પષ્ટ ચિહ્નો ક્ષિતિજે દેખાઈ રહ્યાં છે ત્યારે ઠોકર ખાધા પછી પણ કાંઈક શીખામણ લે એવું દેખાતું નથી. અમેરિકાને તો એનાથી નુકસાન થશે જ પણ આ માણસે દુનિયાને ત્રીજા વિશ્વયુદ્ધને આરે લાવીને મૂકી દીધી છે. આવો જોખમી માણસ માત્ર અમેરિકાને નહીં સમગ્ર માનવજાતના ભવિષ્યને હોડમાં મૂકી શકે છે. કોઈ અગમ્ય કારણોસર એણે ભારતને બાનમાં લીધું છે. આશા રાખીએ, એનો કાળો ઓછાયો કમસેકમ ભારત પરથી શક્ય તેટલો વહેલો દૂર થાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

જગતના મુસ્લિમોનો સર્વમાન્ય નેતા કોણ?

દુનિયામાં મુસ્લિમ બહુમતી ધરાવતા ત્રેપન દેશો છે. અમુક મુસ્લિમ દેશો આપસમાં લડી રહ્યા છે પરંતુ જગતમાં મુસ્લિમોની વસતિ લગભગ બે અબજ છે. તેમ છતાં જગતભરમાં ધાક હોય એવો કોઇ મુસ્લિમ લીડર નથી. અમુક મહત્વના અને મુસ્લિમ જગતમાં અગ્રેસર નેતાઓ જરૂર છે. મુસ્લિમ ઉમ્માહ અથવા જગતના મુસ્લિમો મુસ્લિમોના સંયુકત જગતને વધુ મહત્વ આપે છે. આ કારણથી એ જાણવું પણ મહત્વનું બની રહે છે કે જગતના મુસ્લિમો કોને પોતાના સર્વગ્રાહી અથવા મુસ્લિમોમાં સૌથી સ્વીકાર્ય અને લોકપ્રિય નેતા માને છે? આ વિષય પર અમુક સંસ્થાઓ દ્વારા સર્વેક્ષણો થયા છે. તેનાં પરિણામો જણાવે છે કે લોકોની અલગ અલગ પસંદગીઓ છે. કેટલાંક નામો તેમાં આગળ પડતાં છે.

એક મહત્વનું અને જોરાવર નામ તુર્કીયેના પ્રમુખ રશીદ તૈયબ એર્દોમાનનું છે. એ જે કંઇ કહે છે કે બોલે છે, મુસ્લિમ જગત તેને ધ્યાનપૂર્વક સાંભળે છે. જો કે એ ભારતના સારા મિત્ર નથી અને સાદા મિત્ર નથી. મુસ્લિમ જગતમાં એ લોકપ્રિય એટલા માટે છે કે એ મુસ્લિમોની જ તરફેણ કરે છે. અગાઉ તુર્કીના પ્રથમ લોકશાહીય પ્રમુખ મુસ્તફા કમાલ આતાતુર્કએ તુર્કીને ધર્મનિરપેક્ષ લોકશાહી બનાવી હતી અને તેમાં સફળ રહ્યા હતા. એમના સમયમાં તુર્કીને એ પ્રસિદ્ધ મસ્જીદ ખ્રિસ્તીઓને પાછી સોંપવામાં આવી હતી. જે અગાઉ એક ચર્ચ હતું અને ઓટોમન શાસન વખતે મસ્જીદમાં ફેરવી નખાયું હતું. આતાતુર્કના સમયમાં એ ફરીથી ચર્ચના રૂપમાં મ્યુઝિયમ બન્યું અને હગીઆ સોફિયા નામનું એ ચર્ચા 2020માં મસ્જીદ બનાવી દેવાયું. એ રીતે અન્ય ચર્ચોને 2020થી 2024ની વચ્ચે મસ્જીદોમાં ફેરવી નખાયા છે. આ બધુ અરદોગાનની આગેવાની હેઠળ થયું છે તેથી ધર્મચૂસ્તોમાં એ લોકપ્રિય છે. તાજેતરમાં રમજાન માસ શરૂ થવાની પૂર્વ સંધ્યાએ એમણે પ્રવચન આપ્યું તેજગતના બે અબજ મુસ્લિમોને સંબોધીને આપ્યું હતું. મુસ્લિમોને એક બનવાનો એમણે સંદેશ આપ્યો હતો પરંતુ ઘરઆંગણે અમુક કામકાજને બાદ કરતાં દુનિયાના મુસ્લિમોના ઉધ્ધાર માટે એ કશું નોંધપાત્ર કરી શકયા નથી. એમની દુવિધા એ છે કે તુર્કીયે યુરોપ-અમેરિકા નાટો સંગઠનનું પણ સભ્ય છે જ્યાં ખ્રિસ્તી રાષ્ટ્રોની જ બોલબાલા છે અને તેમાં એમણે તુર્કીયેને મુસ્લિમ દેશ બનાવી રાખ્યો છે.

મુસ્લિમ જગતનો કોઇ એક સર્વસ્વીકૃત પ્રવકતા નથી. 632 ઇ.સ.માં પ્રોફેટ મોહમ્મદના ઇંતેકાલ બાદ મુસ્લિમ જગતમાં સર્વમાન્ય ધાર્મિક નેતા કોઇ નથી. અન્ય ધર્મોની માફક મુસ્લિમો અમુક પંથ અને ફીરકાઓમાં વહેંચાઇ ગયા છે. તેઓ કુરાનનું શિક્ષણ અરેબિકમાં મેળવે છે પરંતુ માતૃભાષાઓ અલગ અલગ છે. અર્દોગાન પોતે તુર્કીશ ભાષા બોલે છે જે મુસ્લિમોનો એક અલ્પ સમુદાય જાણે-સમજે છે. દુનિયાના મુસ્લિમો ઇચ્છે છે કે એમના વતી બોલે એવો એક સર્વમાન્ય અવાજ હોવો જોઇએ. જો આ કામ સોંપવું હોય તો કોને સોંપવું જોઇએ?

અરદોગાનના ચાહકો અને શિષ્યો તુર્કીયે ઉપરાંત વિદેશોમાં પણ છે. દુનિયાભરનાં કચડાયેલાં અને ગરીબ મુસ્લિમો માટે એ અવાજ ઉઠાવતા રહ્યા છે. ઇરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લાહ અલી ખામેની મુસ્લિમો પરના અત્યાચારો બાબતમાં અગ્રેસર બની બોલે છે. આ ઉપરાંત મુસ્લિમ ધર્મની જયાં સ્થાપના થઇ તે સાઉદી અરેબિયાના પાટવી કુંવર અને વડા પ્રધાન મોહમ્મદ બિન સલમાનનું નામ લઇ શકાય. પરંતુ એમબીએસ તરીકે ઓળખાતા રાજકુમાર એટલા ધર્મઝનૂની નથી. ઉદારતાવાદી છે અને એમના રાજયના વિકાસને એ વધુ મહત્વ આપે છે. આ નેતાઓના શિષ્યોનો મોટો વર્ગ છે એ સામે તેઓના વિરોધીઓ પણ ઘણા છે. 'આરબ બેરોમિટર' નામક સંસ્થા દ્વારા એક સર્વેક્ષણ થયું તે તેમ જ અન્ય સર્વેક્ષણો

યે મેરા ઈન્ડિયા
વિનોદ પંડ્યા

દુનિયાના મુસ્લિમો ઈચ્છે છે કે એમના વતી બોલે એવો એક સર્વમાન્ય અવાજ હોવો જોઈએ. જો આ કામ સોંપવું હોય તો કોને સોંપવું જોઈએ?

થયાં તેમાં એ હકીકત સામે આવી છે કે રશીદ તૈયબ ઓર્દોગોનનું ધર્મ પ્રત્યેનું વલણ દુનિયાના મુસ્લિમોને સૌથી વધુ માફક આવે છે અને તેઓ ઓર્દોગાનને સૌથી વધુ પસંદ કરે છે. પરંતુ વૈશ્વિક રાજકારણમાં જો કોઇની તૂતી બોલતી હોય, જેમના અભિપ્રાયનો પ્રભાવ પડતો હોય તો તે મહમ્મદ બિન સલમાન છે.

અલી ખામેની આજે ઘરઆંગણે ઇરાનમાં સત્તા અને અસ્તિત્વ ટકાવવા માટેની જંજાળમાં, બની શકે છે, જો કે ઘરઆંગણે એ સુપ્રીમ લીડર છે. ઘર આંગણે પ્રજાનો બળવો હિંસક રીતે દબાવવાની અનેક ઘટનાઓ બાદ દુનિયા એમનું સન્માન જાળવતી નથી. વિદેશોમાં સ્થાયી થયેલા ઇરાનીઓ જ એમના દમનકારી શાસના પ્રખર વિરોધીઓ છે.

સુન્ની મુસ્લિમોનો એક વર્ગ સિરિયાના ઝનૂની બળવાખોર મટીને શાસક પ્રમુખ બનેલા અહમદ અલ-શરામાં લીડર જૂએ છે. ધર્મનું રક્ષણ કરવા માટે લડાઇ સ્ટ્રગલમાં પડયા છે. બીજી તરફ અમેરિકા-ઇઝરાયલનાં દળોએ ઇરાનને ચારે કોરથી ઘેરી લીધું છે. આ તો હમણાની વાત થઇ પરંતુ અમસ્થાય એ શિયાપંથી હોવાને કારણે મુસ્લિમોમાં 85 ટકાથી વધુ સંખ્યા ધરાવતા સુન્ની મુસ્લિમો માટે એ સર્વમાન્ય લીડર લડવાનો શ્રેય એ કાયદેસર લઇ શકે તેમ છે. બશર-અલ-અસદના બિનસાંપ્રદાયિક શાસન સામે એ વરસો સુધી લડયા હતા.

એ રશીદ ઓર્દોગન એમબીએસથી તદ્દન અલગ માનસ ધરાવે છે. ધાર્મિક રીતે કટ્ટર છે. પરંતુ તુર્કીયે ઉપરાંત મધ્ય-પુર્વના દેશોમાં ઉપરાંત પાકિસ્તાનમાં એ પોપ્યુલર છે. અફઘાનિસ્તાન અને મોગાદીશુ સહિતના યુધ્ધગ્રસ્ત મુસ્લિમ દેશોની વહારેએ પહોંચ્યા હતા. આફ્રિકાના ગરીબ મુસ્લિમ દેશોમાં તુર્કીયે દ્વારા ધંધા-ઉદ્યોગોમાં આર્થિક મૂડી રોકાણ કરાવ્યું હતું. એ વરસોથી પોતાને મુસ્લિમ દેશોના પ્રખર અવાજ તરીકે ઢાળવાની કોશિશ કરી હતી. જોકે એમના પર આરોપ છે કે લિબિયા, ઈરાક અને મધ્યપૂર્વના દેશોમાં આંતરિક કલહો એમણે ભડકાવ્યા હતા. એ નાટો જેવુ મુસ્લિમ દેશોનું એક સંગઠન રચવાની તૈયારી કરી રહ્યા છે. આ બધા નેતાઓ છે અને મજબૂત છે, પણ સાથે મળીને ઈઝરાયલ- અમેરિકાનું ઈરાન પરનું આક્રમણ રોકાવી શક્યા નથી. આ લખાઈ રહ્યું છે ત્યારે અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર હુમલો કરી દીધો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સમૂહ લગ્નો આજની આવશ્યકતા

લગ્નો કે અન્ય ધાર્મિક વિધિઓ જે તે કુટુંબના વ્યક્તિગત પ્રસંગો છે જેમાં મહદ્ અંશે સગાં-સંબંધીઓને આ પ્રસંગોમાં સહભાગી થવા આમંત્રણ પાઠવાતાં હોય છે. વર્ષો પહેલાં આ પ્રસંગો અમુક અપવાદો બાદ કરતાં મોટે ભાગે નાના પાયે ઉજવાતા પરંતુ હાલ થોડાં વર્ષોથી આપણે જોઈએ છીએ કે લગ્ન સહિતના સામાજિક પ્રસંગોમાં થતા ખર્ચનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જ જાય છે. હાલ થોડા વર્ષોથી પ્રિ વેડીંગ શૂટીંગનું પ્રમાણ પણ દિનપ્રતિદિન વધતું જતું દેખાય છે જેના વીડિયો આમંત્રિતોની જાણકારી માટે લગ્ન સમયે લગ્નના પાર્ટી પ્લોટોમાં મોટા સ્ક્રીન પર બતાવવામાં આવે છે. લગ્નના જમણવારમાં પણ વિવિધતા વધવા સાથે આ ખર્ચા પણ વધતી જતી મોંઘવારીમાં દિનપ્રતિદિન વધતા જ જાય છે. કોઈ પણ ખમતીધર કુટુંબ કે વ્યક્તિ આવા પ્રસંગોમાં અનહદ ખર્ચો કરે એની સામે કોઈ વાંધો ન હોઈ શકે. તેઓ એમની ઈચ્છા મુજબ એમનો શુભ પ્રસંગ આટોપવા સ્વતંત્ર છે પરંતુ ઘણા કિસ્સાઓમાં મધ્યમ વર્ગનાં લોકો પણ સમાજમાં એમની શાખ જાળવવા ઈચ્છા-અનિચ્છાએ લગ્ન કે સામાજિક પ્રસંગોએ એમની શક્તિ બહાર ખર્ચ કરતા જોવા મળે છે. આજે ઘણા સમાજમાં આ અંગે જાગૃતિ જોવા મળે છે, જેઓ સામુહિક લગ્નોનું આયોજન કરે છે, જેમાં એક સાથે ઘણાં કુટુંબો ઘણા ઓછા ખર્ચમાં લગ્નો જેવા એમના સામાજિક પ્રસંગો આટોપી શકે છે જેમાં મુરતિયાનાં સગાં-સંબંધીઓ પણ સચવાઈ જાય છે.

સુરત - હિતેન્દ્ર ભટ્ટ

રેસ્ટોરન્ટના ભાવો બાબતે અવાજ ઉઠાવ્યો

આપણે ત્યાં રેસ્ટોરન્ટમાં મળતી ખાદ્ય સામગ્રી જેવી કે સમોસા, કટલેટ, બર્ગર કે પાણીની બોટલ, કોફી, ચા જેવી આઈટમોના જે ભાવ હોય છે તેના ભાવો એરપોર્ટ પર 10 ઘણો વધુ ચાર્જ વસૂલવામાં આવે છે. એરપોર્ટ પર પ્લેનની રાહ જોતો માણસ જો પાણીની બોટલ ખરીદે છે અથવા ચા કે એકાદ ડીશ નાસ્તો ખરીદે તો તેનો 10 ટકા જેટલો વધુ ચાર્જ ચૂકવવો પડે છે જે ખૂબ જ મોંઘુ કહેવાય. હમણાં જ સંસદમાં પ્રશ્નોત્તરી દરમિયાન રાઘવ ચઢ્ઢા નામના સાંસદે આ એરપોર્ટો રેસ્ટોરન્ટના ભાવો બાબતે અવાજ ઉઠાવ્યો છે અને એરપોર્ટ પર રેસ્ટોરન્ટ જે અન્યાયી ચાર્જ વસૂલે છે તે વિશે સચોટ રજૂઆત કરી તે ખૂબ જ કાબીલેતારીફ છે. સરકારે પણ તેમને વ